# ગઝલ

-બીનીતા પુરોહીત ‘બીન્ની’

## .1.

શોધ તું, ખાનાખરાબી ક્યાં નથી?
ક્યાં હતી, નખશીખ નવાબી ક્યાં નથી?

તાપમાં ચીમળાય શા માટે કળી,
સુર્યમુખી આફતાબી ક્યાં નથી?

નામ પુછો તો સુગંધ સામે ધરે,
ફુલ પણ હાજર–જવાબી ક્યાં નથી?

ઉઠ હવે, નીષ્ફળતાને રોયા ના કર,
તારે માટે કામયાબી ક્યાં નથી?

માત્ર ખુશ્બુની કસર બાકી રહે,
આમ રંગત ગુલાબી ક્યાં નથી?

ચંદ્ર કહું, એમાં તને વાંધો છે શું?
તારો ચહેરો માહતાબી ક્યાં નથી?

મયકદામાં કેમ ‘બીન્ની' જાઉં હું?
તારી આંખો પણ શરાબી ક્યાં નથી?

## .2.

આમ તો છેક લગ નકારી; પણ,
છેવટે વાતને સ્વીકારી પણ.

રાત સ્વપ્નોમાં ગુજરી પણ;
એ જ પીડાને ઈન્તેજારી પણ.

કેવી ખુદ્દાર લાગણી મારી!
થોડી સંજોગવશ બેચારી પણ.

એની સામે તું નીખાલસ રહેજે,
રાખજે થોડી હોશીયારી પણ.

આજ ફુલોને હું મળી તેથી,
ઘેર આવી નજર ઉતારી પણ.

ઈશ્વરે જ્યારે જે રીતે આપી,
જીન્દગી એ રીતે ગુજારી પણ.

તોય 'બીન્ની' ગઝલ નથી ગાંઠતી,
કેટલી વાર મેં મઠારી પણ.

## .3.

દીવસ આથમે છે,
અગન ક્યાં શમે છે!

ખરું છે આ ઝાકળ,
બપોરે ઝમે છે!

નજર કેમ તારી,
ગમે ત્યાં ભમે છે?

તે ચુંટી ખણી 'તી,
હજુ ચમચમે છે!

તને ગમતું હોતે,
મને પણ ગમે છે.

વધી આગ દીલની,
બદન તમતમે છે.

હવે મક્તા લાવો,
કલમ પણ થમે છે.

શબદ સાથ ‘બીન્ની' ,
રમત શું રમે છે!

**.4.**

પાંપણો ઉંચકાયને પડદા ખુલે,
ચોતરફથી દીલના દરવાજા ખુલે.

હોઠ પર તાળાં સમજદારીનાં છે,
મારી આંખે મૌનના પડઘા ખુલે.

હોય જો પાક્કો ઈરાદો તો પછી,
આંખ સામે ચોતરફ રસ્તા ખુલે.

દીલથી ખખડાવે કોઈ સાંકળ કદી,
તો પછી પ્હેરો ઉઠે, ઝાંપા ખુલે.

શત્રુની ઈમાનદારી જોઈને,
મીત્ર આવે યાદ, જુના ઘા ખુલે.

જીન્દગીનાં અશ્રુભીનાં સ્મીત પર,
હર્ષની મુઠ્ઠીમાંથી ઈર્ષા ખુલે.

આમ દી'ભર, 'બીન્ની' ના આવે કશું,
સાંજ પડતાં યાદના તડકા ખુલે.

**.5.**

પ્રેમની લગન માટે, વીરહની અગન માટે,
લાગણી જરુરી છે, સાવ કોરા મન માટે.

છે તરસ ચકોરીને, ચાંદના મીલન માટે,
ચાંદ પોતે તરસે છે, સુર્યનાં કીરણ માટે.

નીત્ય કરગરે છે દીલ એમના મીલન માટે,
હોઠ સાથ ક્યાં આપે છે, કદી કથન માટે!

હોઠ ચુપ રહે તો પણ મનના ભેદ ઉઘડે છે,
શબ્દોની કમી ક્યાં છે, બોલકા નયન માટે!

ફુલની આ કોમળતા નહીં તો કોણ જોવાનું?
કાંટા પણ જરુરી છે, કોઈ પણ ચમન માટે.

આભ એકલું રોયું, જ્યારે પણ એ રોયું છે,
ધરતી અશ્રુ સારે છે ક્યાં કદી ગગન માટે!

ઝેર ખુદ બને અહીંયાં ઝેરની દવા, 'બીન્ની',
દર્દની અગન–જ્વાળા, દર્દના શમન માટે .

## .6.

ફુલ પણ છું ને હું કળી પણ છું,
પાનખરમાં સતત બળી પણ છું.

ક્યાંક પથ્થર બનીને જીવી છું,
મીણની જેમ ઓગળી પણ છું.

હું પવન છું ને હું જ ચીનગારી,
આગ ચાપું, દીવાસળી પણ છું.

સુર્યની જેમ હું પ્રગટ થઈ છું,
સાંજની જેમ હું ઢળી પણ છું.

એ હજુ પણ અજાણ્યો લાગે મને,
એને બે-ત્રણ વખત મળી પણ છું.

ભીડ મારાથી ક્યાં અજાણી છે!
ભીડની સાથે હું ભળી પણ છું.

મેં જ અંધારાં ઉલેચ્યાં, 'બીન્ની';
દીપની જેમ ઝળહળી પણ છું.

## .7.

આપણે બે જણ હતાં ને રાત પુનમની હતી,
ઓસબીંદુ ચાંદની ખેરાત પુનમની હતી.

આપણી પ્હેલા મીલનની રાત પુનમની હતી,
રેશમી અલબેલડી સોગાત પુનમની હતી.

રાતનો ચડતો નશો, એમાં ખુમાર આ આંખનો;
તરબતર આખીએ માઝમ રાત પુનમની હતી.

જે અમાવસના ઈલાકામાં વગોવાઈ ગઈ,
નાત પુનમની હતી, એ જાત પુનમની હતી.

રાતભર ચર્ચા, 'બીનીતા' થતી'તી કોના રુપની?
વાત ચ્હેરાની હતી કે વાત પુનમની હતી!

## .8.

બસ, મહોબતમાં બધી હદ હોય છે,
ક્યાં પ્રતીક્ષામાં કદી હદ હોય છે?

હદની મર્યાદાઓ વીશે કહેશો મને?
હદની ક્યાંથી ક્યાં લગી હદ હોય છે?

આયનામાં તું જ દેખાયા કરે,
યાદને તો ક્યાં વળી હદ હોય છે!

આંખની સીમા વીશે પુછીશ મા,
આંખથી તે દીલ સુધી હદ હોય છે.

સામસામે થૈને પણ મળ્યાં નહીં,
કેટલી સંકોચની હદ હોય છે!

જીન્દગીભર અન્યની ઝંખના રહે,
કેવી આ અણછાજતી હદ હોય છે!

કોણે સીમા આપણી નક્કી કરી?
ક્યાં 'બીનીતા', આપણી હદ હોય છે!

**.9.**

એવું નથી કે ગમ નથી,
એનો હવે માતમ નથી.

એ ના સમજ કંઈ દમ નથી,
તારાથી કઈ હું કમ નથી.

પીડા છે પડછાયા સમી,
પડછાયા કંઈ કાયમ નથી!

દર્પણ ને ત્યાગું એટલી,
ધીરજ નથી; સંયમ નથી.

ફુલો રડ્યાં છે રાતભર,
અશ્રુ છે આ, શબનમ નથી.

ગાલીબના ઘર જેવી દશા,
ચાદર નથી; જાજમ નથી.

લખજે 'બીનીતા', તું ગઝલ
એમાં કશું જોખમ નથી.

## .10.

કાંટાઓ સંભાળી ચાલી,
ઠોકર તો ફુલોની વાગી!

સમજણ એની ઝાંખીઝાંખી,
વાતો પણ અધકચરી લાગી.

મારી વાતો સીધી સાદી,
તો પણ તમને ના સમજાતી.

તેં ખોબામાં ઝીલ્યાં ત્યારે,
અશ્રુઓએ ચીસો પાડી.

નીર્ધનના આનંદ અવસરથી,
ધનવાનોમાં ખુન્નસ જાગી.

અંગેઠી ઠારી નાખી 'તી,
તો પણ તું શેનાથી દાઝી?

'બીન્ની', પોચીપોચી ફુક્કો,
ભેગી કરજે બનશે આંધી.

## .11.

એક રઝળતી ક્ષણ મને વળગી પડી,
છે ટચુકડી તોય બહુ અઘરી પડી.

બંધ આંખોમાં મેં કર્યું ડોકીયું,
ઉંઘ જે કાચી હતી વણસી પડી.

લાગણીના સુના જંગલમાં જતાં,
પાતળી પગદંડી પર ભુલી પડી.

હું નથી સીતા ને એ રાવણ નથી;
તોય લક્ષ્મણરેખા ઓળંગવી પડી.

પુછ સાગરને કે આ તોફાનમાં,
તારી લહેરોને હવા ઓછી પડી?

લીલ તો પથ્થર ઉપર બાઝી પડે,
રેત પરથી શી રીતે લપસી પડી?

આધે સ્વપ્ને આંખ કાં ઉઘડી ગઈ?
બોલ 'બીન્ની', ઉંઘ ક્યાં કાચી પડી!.

બીનીતા પુરોહીત

સર્જકસમ્પર્ક :
Binita Tushar Purohit,
A/701 - Jannu's Apartments, Plot No : 267/268,
Opp : Jyeshthlaya, TPS Road, Borivali (west)
Mumbai - 400091
Mobile : 9821884657 eMail : binipurohit@gmail.com
FaceBook : https://www.facebook.com/binashah73

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..
– ઉત્તમ ગજ્જર

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,30,24,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 69,17,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 8,90,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 4,49,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@